

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ અંક : ૧૦ * * * સંવત ૨૦૮૨ કારતક સુદ સાતમ, સોમવાર ૧૬ નવેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૯૦ પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

ચીની સૈન્ય વિમાન ભારતીય સીમામાં ઘૂસ્યાના અહેવાલ

પ્રદૂષણહીન ઉડ્ડયન

ચીને પ્રથમ ઇલેકટ્રિક વિમાન સફળ રીતે ઉડાડ્યું



વિમાન 16 મિનિટ જેટલો સમય હવામાં રહ્યું, 60 કિમી જેટલું અંતર કાપ્યું

બેજિંગ, તા. 15 : ચીનમાં ગ્રીન એવિએશન ક્ષેત્રે એક મોટું ડગલું ભરવામાં આવ્યું છે, જ્યારે કોમર્શિયલ એરક્રાફ્ટ કોર્પોરેશન ઓફ ચાઇના(COMAC)એ જાહેરાત કરી છે કે તેના સ્વદેશી રીતે વિકસિત CE-25A ઇલેક્ટ્રિક વિમાને પૂર્વીય પ્રાંત શાનડોંગના બિનઝોઉમાં તેની પ્રથમ પાયલોટ સંચાલિત પરીક્ષણ ઉડાન સફળતાપૂર્વક પૂર્ણ કરી છે.

રાજ્ય પ્રસારણકર્તા CCTV એ શનિવારે અહેવાલ આપ્યો હતો કે આ પરીક્ષણ ઉડાનમાં બે પાયલોટ અને એક ફ્લાઇટ ટેસ્ટ એન્જિનિયરે ભાગ લીધો હતો. કંપનીના જણાવ્યા અનુસાર, સમગ્ર પરીક્ષણ સત્ર લગભગ એક કલાક (57 મિનિટ અને 46 સેકન્ડ) સુધી ચાલ્યું હતું, જેમાં વિમાને 16 મિનિટથી થોડો વધુ સમય હવામાં વિતાવ્યો હતો અને 60.4 કિલોમીટરનું અંતર

...અનુસંધાન પાના 2 પર

12 નવેમ્બરે એક ચીની લશ્કરી વિમાન સિક્કિમના આકાશ પર ઉડતું દેખાયું

હવાઇ દળે પરત ફરવા માટે વારંવાર ચેતવણી આપ્યા છતા વિમાને ઉડ્ડયન ચાલુ રાખ્યું

એક અગ્રણી અખબાર દ્વારા અપાયેલા અહેવાલ અંગે હવાઇ દળ અને સરકારનું મૌન

નવી દિલ્હી, તા. 15 : ૧૨ નવેમ્બરના રોજ સિક્કિમ ઉપર ભારતીય હવાઈ ક્ષેત્રમાં એક ચીની સૈન્ય વિમાન કથિત રીતે ઘૂસી આવ્યું હતું, જેના પગલે ભારતીય વાયુસેનાએ વળતી કાર્યવાહી કરી હતી અને તેને ચીની સરહદમાં પરત ફરવા માટે કથિત રીતે અનેક ચેતવણીઓ જારી કરી હતી.

૧૪ નવેમ્બરના રોજ 'આઉટલુક ઈન્ડિયા' દ્વારા પ્રકાશિત એક અહેવાલ મુજબ, આ વિમાન લગભગ ૨૦-૨૫ મિનિટ સુધી આ વિસ્તારમાં રહ્યું હતું. અહેવાલમાં એક અનામી સ્ત્રોતને ટાંકીને કહેવામાં આવ્યું છે કે વાયુસેનાએ સવારે લગભગ ૮ વાગ્યે તેને લગભગ ૨૫,૦૦૦ ફૂટની ઊંચાઈ પર ઉડતું શોધી કાઢ્યું હતું. વારંવાર રેડિયો ચેતવણીઓ આપવા છતાં, વિમાને કથિત રીતે આ વિસ્તારમાં ઉડાન ચાલુ રાખી હતી. તેણે કયો ચોક્કસ માર્ગ અપનાવ્યો હતો, તેની પ્રવૃત્તિનો પ્રકાર શું હતો અને તે કયા સંજોગોમાં આ વિસ્તાર છોડીને ગયું તે જાહેર કરવામાં આવ્યું નથી. તે કયા પ્રકારનું વિમાન હતું તે પણ હજુ સુધી જાણી શકાયું નથી.

ભારત-ચીન સરહદ નજીક સિક્કિમના વ્યૂહાત્મક સ્થાન અને ડોકલામ ઉચ્ચપ્રદેશની નિકટતાને કારણે આ કથિત ઘટનાએ ધ્યાન ખેંચ્યું છે. સામાન્ય રીતે 'ચિકન્સ નેક' તરીકે ઓળખાતો આ કોરિડોર તેના સૌથી સાંકડા બિંદુએ લગભગ ૨૦-૨૨ કિમી પહોળો છે. તે ભારતની સૈન્ય હિલચાલ અને રાષ્ટ્રીય સુરક્ષા માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. કથિત હવાઈ ક્ષેત્રના ઉલ્લંઘનની વિગતો અત્યાર સુધી માત્ર 'આઉટલુક ઈન્ડિયા'ના અહેવાલમાંથી જ સામે આવી છે.

૧૫ નવેમ્બર સુધીમાં, ન તો ભારતીય વાયુસેનાએ કે ન તો સંરક્ષણ મંત્રાલયે આ ઘટનાની પુષ્ટિ કરતું કોઈ જાહેર વિગતવાર નિવેદન બહાર પાડ્યું છે. આ કથિત ઘૂસણખોરી પર રાજકીય પ્રતિક્રિયા પણ સામે આવી છે, જેમાં કોંગ્રેસે આ અહેવાલને 'અત્યંત ચિંતાજનક' ગણાવ્યો છે. વિરોધ પક્ષે ચીન સામે સખત વિરોધ નોંધાવવાની માંગ કરી છે અને સરકારની પ્રતિક્રિયા પર સવાલ ઉઠાવ્યા છે. પક્ષે એમ પણ કહ્યું કે તેમને આશા છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ કથિત ઘટના અંગે ચીનને 'ક્લીન ચિટ' નહીં આપે.

દિલ્હીથી બિહાર સુધી સૂર્યને અર્ઘ્ય આપવામાં શ્રદ્ધા, પરંપરા અને ભક્તિનો સંગમ



■ છઠ પૂજાના ત્રીજા દિવસે, બિહાર, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને ઝારખંડ સહિત અનેક રાજ્યોમાં શ્રદ્ધાળુઓ અસ્ત થતા સૂર્યને અર્ઘ્ય આપવા માટે ઘાટ પર એકઠા થયા હતા.વિવિધ શહેરોમાં છઠ ઘાટ પર શ્રદ્ધાળુઓની મોટી ભીડ ઉમટી પડી હતી. ભક્તોએ નદીઓ, તળાવો અને જળાશયોમાં ઊભા રહીને સૂર્ય દેવ અને છઠી મૈયાની પૂજા કરી, તેમના પરિવારની સુખાકારી અને સમૃદ્ધિ, લાંબા આયુષ્ય અને તેમના બાળકો માટે સુખ માટે પ્રાર્થના કરી. તેલંગાણાના હૈદરાબાદમાં છઠ પૂજાના ત્રીજા દિવસે, ભક્તો નેકલેસ રોડ પર અસ્ત થતા સૂર્યને અર્ઘ્ય આપવા માટે એકઠા થયા હતા. ગુજરાતના અમદાવાદમાં છઠ પૂજાના અવસરે, ભક્તોએ સાબરમતી રિવરફ્રન્ટના કિનારે અસ્ત થતા સૂર્યને અર્ઘ્ય આપ્યો હતો. આ તસવીર લખનૌના ગોમતી કિનારેથી છઠ પૂજા નિમિત્તે ભક્તિ અને શ્રદ્ધાનો અદ્ભૂત નજારો દર્શાવી રહી છે. છઠનો અંતિમ દિવસ સોમવાર, 16 નવેમ્બરના રોજ ઉજવવામાં આવશે. આ દિવસે, ઉગતા સૂર્યને ઉષા અર્ઘ્ય અર્પણ કર્યા પછી ઉપવાસ તોડવામાં આવશે.

રાજસ્થાન રેલવે ટ્રેક વિસ્ફોટ કેસમાં પંજાબથી મહિલા સહિત બે પકડાયા

બંનેના પાકિસ્તાની હેન્ડલર સાથે સંપર્કો જણાયા : વિદેશી પિસ્તોલો, કારતૂસો અને નાણા પણ મળી આવ્યા



જયપુર, તા. 15 (PTI): 3 નવેમ્બરના રોજ રામસિંહપુરમાં રેલવે ટ્રેક પર થયેલા વિસ્ફોટ કેસના બે કથિત આરોપીઓની પંજાબના ગુરદાસપુરથી ધરપકડ કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં તેમના પાકિસ્તાની હેન્ડલર્સ સાથેના સંબંધો હોવાના સંકેત મળ્યા હોવાનું પોલીસે રવિવારે જણાવ્યું હતું.

રાજસ્થાન એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ(ATS) અને શ્રીગંગાનગર પોલીસના સંયુક્ત ઓપરેશનમાં મહકદીપ કૌર અને દેવેન્દ્ર સિંહ તરીકે ઓળખાયેલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, કૌર કથિત રીતે 'શાહ' તરીકે ઓળખાતા પાકિસ્તાની હેન્ડલરના સંપર્કમાં હતી અને તેણે તેના સાથીદાર સાથે મળીને રામસિંહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રેલવે ટ્રેક પર વિસ્ફોટ કરવાનું કાવતરું ઘડ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે તેમની પાસેથી બે વિદેશી બનાવટની પિસ્તોલ, 46 જીવતા કારતૂસ અને વિસ્ફોટ કરવા માટે કથિત રીતે મળેલા 30,000 કબજે કરવામાં આવ્યા છે.

...અનુસંધાન પાના 2 પર

ઈરાનનો બહેરીનમાં અમેરિકી એરબેઝ પર હુમલો

છ ડ્રોન વડે હુમલો કર્યો, આ ડ્રોન્સ હવામાં જ નષ્ટ કરી દેવાયા હોવાનો બહેરીનનો દાવો, ફરી યુદ્ધ સળગવાનો ભય

ઇઝરાયેલે હમાસના ટોચના કમાન્ડરને ઠાર માર્યો, ચર્ચ પર ઘાતક હુમલા બદલ જોર્ડનમાં પ્રણને દેહાંતદંડ



તહેરાન, દુબઈ, તા. 15 : ઈરાને રવિવારે વહેલી સવારે બહેરીન સ્થિત અમેરિકી એરબેઝ પર છ ડ્રોન વડે હુમલો કર્યો હતો, જેના કારણે હુમલાઓમાં બે મહિનાની શાંતિ બાદ ફરીથી પૂર્ણ-કક્ષાનું યુદ્ધ ફાટી નીકળવાની ભીતિ ઊભી થઈ છે. બહેરીને જણાવ્યું હતું કે તેણે અનેક હવાઈ હુમલાઓને અટકાવ્યા હતા અને ડ્રોન તેમના લક્ષ્યાંક સુધી પહોંચે તે પહેલાં જ તેમને નષ્ટ કરી દીધા હતા, જોકે અધિકારીઓએ તાત્કાલિક કોઈ નુકસાન કે જાનહાનિ અંગે કોઈ ખુલાસો કર્યો નથી. જો કે, આ નાનકડા ખાડી દેશને આવનારા હુમલાઓ પહેલાં જાહેર ચેતવણીઓ જારી કરવાની અને મિસાઈલ ચેતવણી સાયરન વગાડવાની ફરજ પડી હતી. બહેરીન એક મહત્વનું અમેરિકી લશ્કરી મથક ધરાવે છે, જે યુએસ ફિફ્થ ફ્લીટ અને યુએસ નેવલ ફોર્સિસ સેન્ટ્રલ કમાન્ડનું મુખ્ય

...અનુસંધાન પાના 2 પર

બંગાળની ખાડીનું ડિપ્રેશન 17મી સુધીમાં ભીષણ વાવાઝોડામાં ફેરવાશે

તમિલનાડુના ઉત્તરી જિલ્લાઓ ઉપરાંત, પશ્ચિમ ઘાટ અને દક્ષિણના જિલ્લાઓમાં મધ્યમ વરસાદ થવાની સંભાવના

ચેન્નાઈ, તા. 15 (PTI): દક્ષિણ-પૂર્વ અને તેને અડીને આવેલી દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડી પર સર્જાયેલું ડિપ્રેશન 17 નવેમ્બર સુધીમાં ભીષણ ચક્રવાતી વાવાઝોડામાં પરિવર્તિત થવાની શક્યતા છે. એમ હવામાન વિભાગે રવિવારે જણાવ્યું હતું. તમિલનાડુના ઉત્તર દરિયાકાંઠાના જિલ્લાઓ, પુડુચેરી અને કરાઈકલ વિસ્તારમાં વરસાદ પડવાની સંભાવના છે.

દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડી પર શનિવારે સર્જાયેલું સ્પષ્ટ લો પ્રેશર ઉત્તર-પશ્ચિમ દિશા તરફ આગળ વધીને ડિપ્રેશનમાં પરિવર્તિત થયું હતું અને આજે સવારે 5.30 વાગ્યે કેન્દ્રિત થયું હતું. તે ઉત્તર-પશ્ચિમ દિશા તરફ આગળ વધવાનું ચાલુ રાખીને 16 નવેમ્બરે દક્ષિણ અને તેને અડીને આવેલી પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડીના મધ્ય ભાગો પર વધુ તીવ્ર બનીને ચક્રવાતી વાવાઝોડાનું રૂપ લઈ શકે છે અને 17 નવેમ્બરે ભીષણ ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાઈ જવાની પૂરી શક્યતા છે.

ઉત્તર તમિલનાડુના જિલ્લાઓ ઉપરાંત, સોમવારથી રાજ્યના પશ્ચિમ ઘાટ અને દક્ષિણના જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ મધ્યમ વરસાદ થવાની સંભાવના છે.


બુલેટિન મુજબ, રવિવારે સવારે 8.30 વાગ્યે પૂરા થયેલા છેલ્લા 24 કલાક દરમિયાન ચેંગલપટ્ટુ, ચેન્નાઈ, કાંચીપુરમ અને કન્યાકુમારી સહિતના અનેક જિલ્લાઓમાં વરસાદ નોંધાયો હતો.

પાકિસ્તાનમાં અવળી પ્રથા

ચાર પ્રાંત શાહબાઝ સરકારને રૂ. 57.46 અબજનું દાન કરશે

આર્થિક રીતે કંગાળ બનેલા પાકિસ્તાનની સરકારે પોતાના જ દેશના ચાર પ્રાંત પાસે ફંડની ભીખ માગવાનો વારો આવ્યો, પાકના ઇતિહાસમાં પહેલાવાર પંજાબ, સિંધ, ખૈબર પખ્તુનખ્વા અને બલુચિસ્તાન દેશની સરકારને ગ્રાન્ટ આપશે

ચારેય પ્રાંતો તરફથી મળનારું આ દાન સંપૂર્ણપણે સ્વૈચ્છિક હોવાથી તે ભંડોળ રાજ્યોને પરત કરવાની જરૂર ન હોવાનો દાવો



ઇસ્લામાબાદ, તા. 15 : આઇએમએફ પાસે ભીખ માગતું રહેલું પાકિસ્તાન આર્થિક રીતે વધુને વધુ કંગાળ બની રહ્યું છે. શાહબાઝ સરકાર પાસે દેશના અર્થતંત્રને ટકાવી રાખવા માટે પૂરતા ભંડોળનો અભાવ છે. આવી સ્થિતિમાં પાકિસ્તાનના ઇતિહાસમાં પહેલીવાર, તેને ચારેય પ્રાંતીય સરકારોને તેની કામગીરી ચાલુ રાખવા માટે અપીલ કરવાની ફરજ પડી છે. તેમની અપીલનો જવાબ આપતા, ચારેય પ્રાંત શાહબાઝ સરકારને રૂ. 57.46 અબજનું યોગદાન આપી રહ્યા છે. એવું માનવામાં આવે છે કે આ દાન થોડા અઠવાડિયા માટે અર્થતંત્રને

...અનુસંધાન પાના 2 પર

ના. ૧૫-૧૧-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૪.૫° સે.	૧૯.૬° સે.	૬૨%

મૃત્યુદંડ પર વૈશ્વિક રોકના યુએનના ઠરાવની વિરુદ્ધમાં ભારતનું મતદાન

યુએન સામાન્ય સભામાં મેક્સિકો દ્વારા રજૂ થયેલા આ ઠરાવની તરફેણમાં ૧૩૩ દેશોએ મત આપ્યો

ભારત, અમેરિકા સહિત 33 દેશોએ વિરુદ્ધમાં મતદાન કર્યું, ૧૬ દેશો મતદાનથી અળગા રહ્યા

સંયુક્ત રાષ્ટ્રો, 15 (PTI): ભારતે વિશ્વના દેશોને મૃત્યુદંડ પર રોક લગાવવા માટે આહ્વાન કરતા સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભા(UNGA)ના એક પ્રસ્તાવની વિરુદ્ધમાં મતદાન કર્યું છે. ૧૯૩ સભ્યોની બનેલી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ શુક્રવારે મેક્સિકો દ્વારા રજૂ કરાયેલા 'મૃત્યુદંડના ઉપયોગ પર રોક' અંગેના પ્રસ્તાવને રેકોર્ડેડ વોટ દ્વારા પસાર કર્યો હતો, જેમાં પ્રસ્તાવની તરફેણમાં ૧૩૩ મત, વિરોધમાં 33 મત પડ્યા હતા અને ૧૬ દેશો મતદાનથી અળગા રહ્યા હતા. ભારતની સાથે બહેરીન,

...અનુસંધાન પાના 2 પર

સાથે મળીને સરકાર બનાવવાના બેન્જામિન નેતન્યાહૂના પ્રસ્તાવને આઈઝનકોટે ફગાવ્યો

માજી સૈન્ય પ્રમુખ આઇઝનકોટનો સ્પષ્ટ જવાબ, નેતન્યાહુની કોઇ ચાલ મારા પર કામ નહીં કરે

27 ઓક્ટોબરે યોજાયેલી ચૂંટણીમાં કોઈપણ પક્ષને સરકાર બનાવવા લાયક બેઠકો મળી નથી



તેલ અવીવ, તા. 15 : ઇઝરાયેલના કાર્યકારી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ગાદી આઇઝનકોટને સાથે મળીને સરકાર બનાવવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે દેશની સુરક્ષા માટે તમામ મોટી પાર્ટીઓએ એક સાથે આવવું જોઈએ.

જોકે, આઇઝનકોટે થોડી જ મિનિટો બાદ નેતન્યાહૂનો પ્રસ્તાવ ઠુકરાવી દીધો હતો. આઇઝનકોટે કહ્યું; - નેતન્યાહૂ જાણે છે કે તેઓ ચૂંટણી હારી ચૂક્યા છે. તેઓ એવા સમયે વાતચીતની અપીલ કરી રહ્યા છે, જ્યારે વાતચીત પહેલેથી જ ચાલી રહી છે. તેમની આ ચાલ મારા પર કામ નહીં કરે.

આઇઝનકોટ ઇઝરાયેલના ભૂતપૂર્વ સેના પ્રમુખ છે. રાષ્ટ્રપતિ ઇસાક હર્ઝોગે ગયા અઠવાડિયે તેમને નવી સરકાર બનાવવાની જવાબદારી સોંપી હતી. આ માટે તેમને 28 દિવસનો સમય મળ્યો છે. જરૂર પડ્યે 14 દિવસ વધુ મળી શકે છે.

નેતન્યાહૂએ શનિવારે વીડિયો સંદેશ જાહેર કરીને કહ્યું કે, ઈરાન ફરી એકવાર પોતાનો પરમાણુ કાર્યક્રમ શરૂ કરવાનો પ્રયાસ કરી

...અનુસંધાન પાના 2 પર